છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

Just as, a candle cannot burn without fire, men can not live without Dharma. **- A Proverb**

ગાંધીજીએ પ્રબોધેલ ૧૧ મહાવ્રતોમાંનું એક વ્રત તે સર્વધર્મ સમભાવ. ૨૦ મી સદીની અત્યંત વ્યાપક હિંસા જોયા પછી ૨૧મી સદી શાંતિની સદી બનવી જોઈતી હતી, પણ એના પહેલા જ વર્ષે ૯/૧૧ થયું અને અમેરિકાની શાખ સમા World Trade Center પર હુમલો થયો. પછી આઘાત-પ્રત્યાઘાત થતા રહ્યા, જેણે ૨૧મી સદીના પહેલા બંને દાયકાને લોહિયાળ બનાવી દીધા. સર્વધર્મ સમભાવની વાત આમાં કોરાણે મુકાઈ ગઈ. આપણે ઇતિહાસ ભૂલી ગયા. દુનિયાના મોટાભાગનાં યુદ્ધો ગમે તે કારણથી શરૂ થયાં હોય. આર્થિક, સામાજિક, રાજકીય પણ યુદ્ધમાં મહદંશે ધર્મના આધારે ધ્રુવીકરણ થાય છે અને ધર્મ શસ્ત્ર બની જાય છે. ૨૦૨૨ના આ ઉષાકાળે મોટાભાગના દેશોમાં જે ધ્રુવીકરણ થઈ રહ્યું છે તે ખરેખર ચિંતાજનક છે. ભૂતકાળમાં આપણે ધર્મયુદ્ધોમાં કેટલું ગુમાવ્યું છે એનો કોઈ હિસાબ નથી. પણ આજની પરિસ્થિતિ ભલભલાને વિમાસણમાં મૂકે છે. ૧૯મી સદીથી શરૂ કરીને જુઓ તો આજ સુધીમાં કોઈ સમયગાળો એવો મળતો નથી કે જેમાં યુદ્ધ ના થયાં હોય અને ધર્મનો શસ્ત્ર તરીકે ઉપયોગ ન થયો હોય. સ્પેનિશ અને પોર્ટુગીઝ રાજ્યો અને મુસ્લિમ રાજ્યો કે પછી ચીન અને કોરિયાના યુદ્ધ, ફ્રાંસ અને કેથલિક રાજ્યો, દક્ષિણ યુરોપમાં થયેલ ઇટાલીનું મહાયુદ્ધ, યુરોપ અને અમેરિકાનું યુદ્ધ, બર્મા અને ચીન, ભારત અને પાકિસ્તાન, અમેરિકા અને અફઘાનિસ્તાન, રશિયા અને જાપાન, ફિલિપાઈન્સ અને અમેરિકા, આરબ ઈઝરાયલ, કોરીઅન યુદ્ધ, અલ્જીરિયાનું યુદ્ધ, વિયેટનામનું યુદ્ધ અને અનેક નાના મોટા આતંકવાદની સામેના યુદ્ધ. આ બધામાં થયેલું નુકસાન કેટલું મોટું છે એ કોઈને ખબર નથી અને આ યુદ્ધોને અંતે સત્તાના હસ્તાંતરણથી વિશેષ કંઈ થયું નથી. શાંતિ



સ્થાપનામાં ધર્મ ક્યાંય કામ આવ્યો નથી. બલ્કે એણે ઇંધણનું કામ કર્યું છે.

ધર્મ શું છે ? એ કોઈ આચાર સંહિતા છે ? ઈશ્વરને પામવાનો રસ્તો છે ? સમાજનાં નૈતિક મૂલ્યોનો પ્રસ્થાપક છે ? જીવન અને મૃત્યુના જ્ઞાનનો પુંજ છે ? એ ચિંતન છે, સંશોધન છે, નિયમાવલિ છે ? ધર્મને કઈ રીતે વ્યાખ્યાયિત કરવો એ હજી કોયડો રહ્યો છે. પણ જગતના બધા જ ધર્મો વ્યક્તિને નૈતિક મૂલ્યો સાથે, નૈતિકતા સાથે જોડે છે. વ્યક્તિ અને સમાજનું એ અભિન્ન અંગ છે. એ વ્યક્તિના અને સમાજના જીવનને સુગ્રથિત કરનાર શક્તિ છે, એમ સમાજનો મોટો વર્ગ માને છે. ધર્મ માણસને સમાજ સાથે અને કોઈ અદીઠ શક્તિ જેને આપણે ઈશ્વર કહ્યો છે તેની સાથે જોડે છે. પણ કમનસીબે આજે ધર્મ મહદંશે વ્યક્તિગત લાભ માટે પ્રયોજાય છે અને આથી સંઘર્ષનું મૂળ બને છે. ગાંધીજી ઈશ્વરને સમજાવતા કહે છે કે 'મારે મન ઈશ્વર એટલે સત્ય અને પ્રેમ, ઈશ્વર એટલે નીતિ અને સદાચાર, ઈશ્વર એટલે અભય, ઈશ્વર એ પ્રકાશ અને જીવનનું મૂળ છે. છતાં એ બધાથી પર છે. એ બધા માણસોમાં છે એ તમામ પળોમાં છે. એ આપણી અંદર છે અને છતાં આપણી પહોંચની બહાર છે. જે વ્યવહાર, નીતિ, સિદ્ધાંત, જ્ઞાન, ઈશ્વરની અનુભૂતિ કરાવે તે ધર્મ. નૈતિકતા વિનાનો ધર્મ એ ધર્મ નથી. પછી ગમે તે સ્વાંગમાં એ કેમ ન આવે અને ગમે તે હેતુ માટે કેમ ન પ્રયોજાય !

''વ્યક્તિ સમાજથી ઘડાય છે, સંસ્કૃતિથી ઘડાય છે. સંસ્કૃતિ અને સમાજ અનેક પરિબળોથી પ્રભાવિત થાય છે. ભૌગોલિક, રાજકીય, સાંસ્કૃતિક સામાજિક પરિબળો ધર્મને ઘાટ આપે છે. આથી જ જુદા જુદા સમયે જુદી જુદી પરિસ્થિતિઓમાં જુદી જુદી વ્યક્તિઓ દ્વારા અલગ અલગ સંસ્થાપન થયેલા ધર્મોમાં વિવિધતા સ્વાભાવિક છે. બધી જ વ્યક્તિઓ એક જ ધર્મ પાળતી હોય એવી સ્થિતિ તો કલ્પી પણ ન શકાય. નૈતિકતાના પાઠ આપવામાં કોઈ ધર્મ બીજા ધર્મથી ચઢતો કે ઊતરતો નથી. પણ આ તફાવતોને સહજ સ્વીકારવાના બદલે જુદા જુદા ધર્મ એકબીજા સામે યુદ્ધે ચડ્યા છે. વળી લોકો મહદંશે ધર્મગ્રંથો વાંચ્યા વગર જ જુદા જુદા ધર્મો વિશે બોલતા હોય છે. ઇસ્લામ એટલે જેહાદ જ આપણા **મનમાં** છે. આપણે એમાં રહેલા શાંતિ અને ભાઈચારાના સંદેશને જોઈ શકતા નથી. એવું જ બધા ધર્મોમાં થયું છે. માણસના જીવનમાં ધર્મનું અનિવાર્ય સ્થાન છે પણ ધર્મ કે ઈશ્વરમાં ન માનનારાને પણ જીવવાનો અધિકાર છે. ધર્મ માણસને સ્વતંત્રતા આપે છે. આપણા ઘણા દોષોને દૂર કરવાની તક

**(અનુસંધાન પૃ.૨૬ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ

● પ્રકાશક ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

● કાર્યાલય ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**
**સમુદાય શિક્ષણ ભવન**
ઑફ આશ્રમરોડ,
નવજીવન પ્રેસ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪
Email : iscehouse@gmail.com
Website : http://iscecommunity.org
Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો, તો આભારી થઈશું.**

મુદ્રક :
**અર્થ કમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,
સી. યુ. શાહ કૉલેજ પાસે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪
મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

**ક્રમની કેડીએ...**


| ક્રમ વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. સંપાદકીય | ૦૧ |
| ૨. મતદાતાઓનું શિક્ષણ એટલે સર્વોપરીઓનું શિક્ષણ | ૦૪ |
| ૩. गाँधी : आदिवासियों की जीवनशैली एवं चुनौतियाँ - | ૦૮ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૪ |
| ૪.૧ રંગોળી હરીફાઈ | ૧૪ |
| ૪.૨ પ્રશ્નોતરી કાર્યક્રમ | ૧૪ |
| ૪.૩ સ્વ. રામલાલભાઈ પરીખની પુણ્યતિથિ નિમિત્તે સ્મરણયાત્રા | ૧૫ |
| ૪.૪ સમુદાય શિક્ષણનો અભ્યાસક્રમ | ૧૬ |
| ૪.૫ વ્યસનમુક્તિ કાર્યક્રમ | ૧૭ |
| ૪.૬ નિબંધ, લેખન સ્પર્ધા | ૧૮ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | ૧૯ |
| ૫.૧ કમ્પ્યૂટર, લેપટોપ અને મોબાઈલ પર ઉપલબ્ધ થશે વિશ્વકોશનો જ્ઞાનસાગર | ૧૯ |
| ૫.૨ રમકડાંની બેંક | ૨૦ |
| ૬. પુસ્તક પરિચય | ૨૧ |
| ૭. આગામી કાર્યક્રમો | ૨૩ |
| ૭.૧ ''સ્વ. મહાદેવભાઈ દેસાઈ અને ગાંધીજી'' નિબંધ સ્પર્ધા | ૨૩ |
| ૭.૨ પ્રશ્નોતરી - સંવિધાન, સાહિત્ય અને મહિલા સશક્તીકરણ | ૨૩ |


Gandhi's scheme of basic education is several steps ahead of all other schemes.

**- John Dewey**
(American Philosopher)



## ૨. મતદાતાઓનું શિક્ષણ એટલે સર્વોપરીઓનું શિક્ષણ :*

**– રામલાલ પરીખ**

લોકશાહી માટે સામાન્ય રીતે લોકો અને ખાસ કરીને મતદારો માટેના વ્યાપક જાહેર શિક્ષણની આવશ્યકતા છે. આ વાત લગભગ સમગ્ર વિશ્વ દ્વારા સ્વીકારાઈ છે. જો કે, મતદારોના જાહેર શિક્ષણની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારવામાં આવી હોવા છતાં, આ કાર્યનું સ્વરૂપ યોગ્ય રીતે સમજવામાં આવ્યું નથી. લોકોના શિક્ષણના નામે કેટલાક બિનતંદુરસ્ત પ્રચાર કરે છે. મોટાભાગના કિસ્સાઓમાં શિક્ષણ અને પ્રચાર એ બે વચ્ચેના તફાવત વિશે સમજણ ન હોવાના કારણે, વર્તમાનપત્રો, રેડિયો, ટી વી વગેરે દ્વારા પીરસાતી માહિતીને ધ્યાને લેવાની લોકોને ફરજ પડે છે. રાજકીય પક્ષો તેમની ચૂંટણી ઝુંબેશ મારફતે પ્રચારનું કાર્ય કરે છે, પણ શિક્ષણ પ્રસારનું કાર્ય કરતા નથી. તેમના પોતાના દૃષ્ટિકોણને રજૂ કરવાનો તેમનો મર્યાદિત ઉદ્દેશ્ય હોય છે. પ્રચાર પોતે શિક્ષણમાં પરિણમી શકે નહીં. રાજકીય પક્ષોનો પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરવા હાથ ધરવામાં આવેલ ઝુંબેશ અને જાહેર રજૂઆતો મારફતે કેટલીક જાગૃતિ ચોક્કસપણે ઊભી થાય છે. પણ સર્વાંગી રાજકીય શિક્ષણ માટે આ મહત્ત્વનું છે પરંતુ ખૂબ અપૂરતું છે.

મતદારોના શિક્ષણ માટેના કોઈપણ કાર્યક્રમ માટે ઝુંબેશ અને શિક્ષણ વચ્ચેનો તફાવત સૌથી પ્રથમ સમજવો અત્યંત મહત્ત્વનો છે. ઝુંબેશથી વર્તમાન બાબતો અંગે જાગૃતિ અને સમજણ કેળવાય જ તેવું જરૂરી નથી. બીજી બાજુ, શાળાકીય માળખાના પારંપારિક શિક્ષણ દ્વારા પણ મતદાતાના શિક્ષણમાં પરિણામ હાંસલ કરી શકાય નહીં. તે માત્ર સૂચના છે તેનાથી શિક્ષણ આપી જ શકાય, તેમ કહી શકાય નહીં.

મતદારોનું શિક્ષણ એ પારંપરિક પ્રૌઢ શિક્ષણ કરતાં પણ અલગ છે. મતદારોમાં નવી ચેતના જગાવવાની એક પ્રક્રિયા છે. તે માહિતીનું પ્રસારણ કરવા નથી કે નથી પ્રજામાં ક્ષેમકુશળની ભાવના ઊભી કરવા. તેનો ઉદ્દેશ્ય માત્ર મતદારોને રાષ્ટ્રની જાહેર બાબતોમાં નિપુણતા મેળવવાની તેમની પોતાની ક્ષમતાને પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો હોવો જોઈએ. મતદારોને શિક્ષિત કરવા માટે જે વ્યક્તિઓ પ્રયાસ કરવાના છે તેઓ એ બાબતે સંપૂર્ણ સભાન હોવા જોઈએ કે જેમના હાથમાં દેશનું સુકાન છે એવા દેશના સર્વોપરીઓને એમણે શિક્ષણ આપવાનું છે.

* Indian Journal of Adult Educationના નવેમ્બર ૧૯૮૪ ના અંકમાં છપાયેલ મૂળ અંગ્રેજી લેખનું શ્રી પીયૂષ શાહે કરેલું ભાષાંતર

ભારતના મતદારોએ તેમનું હિત નક્કી કરવાની સામાન્ય સમજનો પરિચય આપ્યો છે. તેમનામાંનો મોટા ભાગનો સમૂહ નિરક્ષર હોવા છતાં તેઓની ગતિ વિધિઓને સમજવા અને પ્રતિસાદ આપવાની તેમની ક્ષમતાના નિર્ણાયક પુરાવા આપ્યા છે. તેઓએ અવારનવાર દર્શાવ્યું છે કે તેઓની વચ્ચે રહેલા નિરક્ષર, અજ્ઞાન લોકો પણ સમજથી દૂર નથી. તેઓએ અનેકવાર પુરવાર કર્યું છે કે તેમની સામાન્ય સમજ શિક્ષણ આપનાર કરતાં પણ તેજ છે. મતદારોના શિક્ષણ માટેની સુવ્યવસ્થિત અથવા તો સંસ્થાકીય કાર્યક્રમોની ગેરહાજરી હોવા છતાં આટલું શક્ય બન્યું છે.

એક સામાન્ય ગેરમાન્યતા પ્રવર્તે છે કે સંસદ, રાજ્યની વિધાન સભાઓ અથવા તો સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીના સમયગાળા દરમ્યાન જ મતદારોનું શિક્ષણ હાથ ધરવું જોઈએ. મતદારો માટેનાં કાર્યોનો આ એક તદ્દન સંકુચિત દૃષ્ટિકોણ છે. ઉપર દર્શાવ્યા અનુસાર, મતદારોનું શિક્ષણ એ સર્વોપરીઓનું શિક્ષણ છે. તે આપણા મતદારોમાં તેમના અધિકારો, ફરજો, તેમની ક્ષમતાઓ અને જવાબદારીઓ તથા તેમની ભૂમિકા તેમજ તેમની જવાબદારીઓ વિશે માહિતગાર કરવાનો કાર્યક્રમ છે. મહાત્મા ગાંધીએ મતદારોની ભૂમિકા સંદર્ભે સરસ સ્પષ્ટતા સાથે સમજાવ્યું જ્યારે તેમણે જણાવ્યું :

'માત્ર થોડી વ્યક્તિઓ દ્વારા સત્તા હાંસલ કરવાથી નહીં, પરંતુ જ્યારે સત્તાનો દુરુપયોગ થાય ત્યારે તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા બધા પ્રાપ્ત કરશે ત્યારે સ્વરાજ આવશે.' સત્તાધીશોનું નિયમન અને નિયંત્રણ કરવાની તેમની ક્ષમતા અંગે જનતાને શિક્ષિત કરવાથી જ સ્વરાજ પ્રાપ્ત થઈ શકે. તેનો અર્થ એ છે કે સામાન્ય ગ્રામવાસીમાં ચેતના આવે કે તે પોતાના ભાગ્યનો નિર્માતા છે'' તેવા શિક્ષણની આવશ્યકતા છે.

તેથી મતદાર શિક્ષણનો ઉદ્દેશ મત-શક્તિ જાગૃત કરવાનો નહીં પરંતુ લોક-શક્તિ જાગૃત કરવાનો છે. મતદારોના શિક્ષણના બહુ-પરિમાણીય કાર્યક્રમના મહત્ત્વપૂર્ણ પાસાને ઓળખવામાં અગ્રતા આપવી જોઈએ, જેથી મતદારોને તેમની અપેક્ષાઓ દર્શાવવા માટે ચૂંટણી સુધી રાહ જોવી ન પડે. તેઓ તેમનાં મંતવ્યો રજૂ કરી શકે અને ચૂંટણીનો સમયગાળો ન હોય ત્યારે પણ અહિંસક માર્ગે શાંતિપૂર્ણ રીતે જનમતના માધ્યમથી પોતાના અભિપ્રાય આપી શકે.



આ ચોક્કસપણે બિનઔપચારિક શિક્ષણનો કાર્યક્રમ છે અને આથી, શાળાની બહાર ચાલતો કાર્યક્રમ છે. પણ તે છૂટાછવાયા કે હંગામી કાર્યક્રમના સ્વરૂપે થશે, તો તેનો અર્થ સરશે નહીં. આવા બહુ-પરિમાણીય શૈક્ષણિક કાર્યક્રમ માટે હાથ ધરવામાં આવતી પદ્ધતિઓ સંકલિત અને સર્વાંગી હોવી જોઈએ. બીજા શબ્દોમાં, આ કાર્યક્રમને પાયાગત કક્ષાએ વ્યાપક સ્વરૂપે સમુદાય શિક્ષણ તરીકે લેવાવો જોઈએ. તેનો હેતુ આત્મનિર્ભર અને પરસ્પર સંવાદિતાથી જોડાયેલા નાના સમુદાયોના નિર્માણ કરવાનો હોવો જોઈએ. આપણા મોટાભાગના પ્રવર્તમાન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રશ્નોનો ઉકેલ આવતો દેખાતો નથી. કારણ કે આપણે તેના ઉકેલ માટે સૂક્ષ્મ-સ્તરે તૃણમૂલ કક્ષાએ પ્રયાસ કરતા નથી. સીધા અને સમષ્ટિલક્ષીના કાર્યક્રમો ઉપર આપણું અવલંબન ઘણું વધારે છે. આપણે સતત રાષ્ટ્રીય એકતાની વાતો કરીએ છીએ. પરંતુ સૂક્ષ્મ સ્તરે સંવાદી સમુદાયને પ્રોત્સાહન આપ્યા વિના આપણે એકતાને કેવી રીતે હાંસલ કરી શકીએ ? તેથી મહાત્મા ગાંધીએ ખૂબ જ વ્યવહારુ રીતે જણાવ્યું - ''અસંખ્ય ગાંમડાઓથી બનેલા આ માળખામાં ઉપર ચઢતાં વર્તુળો ક્યારે વિસ્તૃત બનશે ? સૌથી ઉપર રહેલી વ્યક્તિ, પાયામાં રહેલી વ્યક્તિના સહારાથી ટકી રહે તેવા પિરામિડ જેવું જીવન ન હોવું જોઈએ. પરંતુ તે મહાસાગર જેવું વર્તુળાકાર હોવું જોઈએ, જેના કેન્દ્રમાં વ્યક્તિ હશે, જે ગામ માટે ઘસાઈ ચૂકવા હંમેશાં તત્પર રહેશે. જ્યાં સુધી બધી વ્યક્તિઓનું જીવન સુધરે નહીં ત્યાં સુધી દરેક વ્યક્તિ ઘસાઈ જવા માટે તૈયાર હશે. તેઓ ક્યારેય ઘમંડથી આક્રમક નહીં, પરંતુ હંમેશાં નમ્ર રહેશે. જે ભવ્ય મહાસાગર સમા વર્તુળના તેઓ હિસ્સેદાર છે તેને અન્યમાં વહેંચશે.''

આમાંથી પ્રચાર કરતા ભિન્ન એવા મતદાતાઓના શિક્ષણ માટેના કેટલાક સિદ્ધાંતો નીચે પ્રમાણે તરી આવશે.

- મતદાતાઓનું શિક્ષણ એ શાળાઓમાં જે રીતે પારંપારિક શિક્ષણ હોય છે તે પ્રકારની શિક્ષણની કે અભ્યાસની પ્રક્રિયા નથી, પરંતુ મતદારો કે જેઓ નિરક્ષર હોવા છતાં સાંપ્રત પ્રશ્નો અને તેની અસરોને સમજે છે. તેમનામાં રહેલા આંતરિક શક્તિઓને સાથે વિસ્તારવાની પ્રક્રિયા છે.
- મતદારો સાથે નિસ્બત ધરાવતો માત્ર માહિતી ઠસાવવાનો કાર્યક્રમ ટકાઉ રહેશે નહીં. તેમને માટે જે કરી શકાય તે એ છે કે તેમને સ્વતંત્ર રીતે

વિચારવા માટે પ્રોત્સાહિત કરવા અને પછી તેમને પોતાના નિર્ણય લેવા માટે છોડી દેવા. આ પરિપ્રેક્ષ્યમાં શિક્ષણની પ્રક્રિયા એ મતદારોને તેમને પોતાના માટે મદદ કરવાની પ્રક્રિયા છે. તે મતદારોની સંવેદનશીલતાને આહ્‌વાન છે, માત્ર પરિવર્તનની પ્રક્રિયા નથી.

- જ્યારે જ્ઞાન/માહિતીનું પ્રસારણ સમગ્ર રાષ્ટ્રના વ્યાપક ફલક ઉપર હોય ત્યારે તેને સ્થાનિક સ્તરે લાગુ પાડી શકવાની ક્ષમતા દર્શાવવી જોઈએ. આ બાબતે શિક્ષણ આપનારાઓના મનમાં સૂક્ષ્મ-બૃહદ સંતુલન જરૂરી છે.
- આવી પ્રક્રિયા આકસ્મિક અને પ્રસંગોપાત્ત હોઈ શકે નહીં, પરંતુ સતત અને આગળ ધપતી હોવી જોઈએ.
- મતદારોના અંતઃકરણને જાગૃત કરવા માટે નીચેનામાંથી કેટલાક કાર્યક્રમોને પાયાના કક્ષાએ ચલાવવા જોઈએ.
- મતદાર યાદીમાં તેમના નામ સાચી રીતે લખાયા છે તેની ખાતરી કરવા જાગૃત કરવા.
- નાગરિક તરીકેના તેમના અધિકાર વિષે તેમને માહિતગાર કરવા.
- તેમનામાં રહેલી તેમની સમુદાય અને સમાજ પ્રત્યેની ફરજો પ્રત્યેની ભાવના જાગૃત કરવી, જેથી તેઓ સામાજિક હિતમાં હોય તેને ટેકો કરે અને સામાજિક દૂષણ હોય તેનો સામનો કરે.
- રાષ્ટ્રનાં તમામ ક્ષેત્રો જેવાં કે રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, આંતરરાષ્ટ્રીય વગેરેમાં સમગ્ર વર્ષ દરમ્યાન થતા કોઈપણ પ્રકારના વિકાસ બાબતે સૂચક જ્ઞાન મળી રહે તે માટે સમુદાય શિક્ષણ કેન્દ્રોની સ્થાપના કરવી.
- સમુદાય શિક્ષણ મંડળો અથવા કેન્દ્રો મતદારો માટે માનવ બૌદ્ધિક સંસાધન કેન્દ્રો તરીકે કાર્ય કરશે.
- મતદારોની તકેદારી સમિતિની રચના એ સુનિશ્ચિત કરવા માટે કરવી જોઈએ કે જેથી પંચાયતથી લઈને રાજ્યની વિધાનસભા અને સંસદ સુધીના કોઈપણ વૈધાનિક સંસ્થામાં જે સભ્યોને પસંદ કરવામાં આવે તેઓ હંમેશાં તેમને ચૂંટનારા તેમના માલિકો પ્રત્યેની તેમની નૈતિક જવાબદારી નિભાવે.

●



## ३. गाँधी, आदिवासियों की जीवनशैली एवं चुनौतियाँ

**- डॉ. पुष्पा मोतियानी***

**गतांक से चालू...**

आदिवासी आर्थिक जीवनपूर्ति में स्वावलंबी थे । स्थानीय स्तर पर जो पैदाइश (फसल) होती थी उनसे, ही अपना जीवन व्यतीत करते थे । प्रकृति -जंगल से प्राप्त जड़ी-बुट्टीयों, गोंद, गरम मसाले, लकड़ी, अनाज वगैरह से जीवन व्यतीत करते थे । इन चीजों का आदान-प्रदान करके जीवन की अन्य वस्तुओं को प्राप्त करते थे । मछली व्यापार भी बहुत होता था, इसके अलावा ताड़ी से शराब बनाने का कार्य होता था । उसके कारण उनकी आय में वृद्धि होती थी क्योंकि अंग्रेज अमलदार उनसे शराब बनवाकर अपनी मौज-मस्ती और शौक पूरे करते थे ।

आदिवासियों की मुख्य संपति जल, जंगल, जमीन थी, उनसे जो प्राप्त होता था, उनसे जीवन व्यतीत करते और इनके उपयोग के साथ-साथ उनका संरक्षण एवं संवर्धन करते थे । काथोडीया आदिवासी विजयनगर, डांग उचल तालुका में रहते थे, ये लोग केटेय अथवा खेर पेड़ (Catechu or Khair tree) का रस निकालते थे, और उसको सुखाकर कत्था बनाते थे । इस व्यवसाय के कारण वे कथोदिया नाम से जाने जाते थे । अब ये पेड़ खत्म होते जा रहे है और अब वे दूसरे स्थल जाकर मजदूरी का काम करते हैं ।

अंग्रेजों की शोषण नीति के कारण इनकी प्रकृति की गोद में व्यतीत होनेवाली जीवनशैली में व्यवधान आने शुरू हो गये । आदिवासी स्तावलंबन एवं सामूहिक वसवाट से अपना जीवन व्यतीत करते थे । जीवन में मधुरता थी और अमीर-गरीब का भेदभाव या सबला-अबला का भेदभाव नहीं था । गुजरात में १४ अनुसूचित जनजाति के लोग दक्षिण गुजरात, बनासकांठा, साबरकांठा में रहते है । भील, वसावा, गामित, ठाकोर, चौधरी, डोडिया, राठवा, दुकना, खारवा विभिन्न जातियों के होने के बावजूद भी समान एवं मेरी-तेरी भावना से दूर थे । समूह में रहना और Self Rule एवं Self Control से समुदाय को नियंत्रित करते थे और सामुदायिक भावना से परस्परावलम्बन आधारित जीवनशैली थी ।

---

* डॉ. पुष्पा मोतियानी, पूर्व डीन और प्रोफेसर, गांधी दर्शन विभाग एवं शांति संशोधन केंद्र, गूजरात विद्यापीठ, अहमदाबाद.

आदिवासियों में प्रत्येक व्यक्ति स्वतंत्र एवं सहभागीदारी वाला उनका राजनैतिक एवं आर्थिक जीवन था। प्रकृति के सानिध्य में रहकर जल, जमीन एवं जंगल का संरक्षण करते थे और खेती, ग्रामोद्योग, पशुपालन, आरोग्य, स्वच्छता, शिक्षा इत्यादि द्वारा जीवन के व्यवहार चलाते थे। चूंकि जंगलों में छोटे-छोटे समूह में आदिवासी रहते थे, जिससे समाज में व्यवस्था करने की इकाई भी संबंधित समूह के कदरूप होती थी अर्थात् ग्राम पंचायतों के स्वरुप में होती थी। ये ग्राम पंचायतें आदिवासियों की सामूहिक कार्यशक्ति की परिचायक होती थी। मानव कल्याण के कार्य करना, इनका मूल उद्देश्य होता था।

आदिवासियों का जीवन स्वतंत्र एवं स्वालंबी होने के कारण उनकी भी ग्राम पंचायतें सच्चे एवं न्यायी लोकतंत्र का प्रतिनिधित्व करने वाली इकाईयाँ थी, जिसमें स्त्री-पुरुष को समान अधिकार मिले हुऐ थे और स्वयंभू अनुशासित व्यवस्था थी। इस प्रकार ये ग्राम पंचायतें स्वयं के नियम (Self-Rule) एवं स्व-नियंत्रण (Self-Control) पर आधारित ग्राम स्वराज का कार्य करती थी। इस व्यवस्था में आदिवासी समाज परस्परावलंबन पर आधारित स्वदेशी व्यवस्था पर जीवन व्यतीत करता था। आदिवासी प्रकृति के सानिध्य से उपलब्ध वस्तुओं के द्वारा खेती, ग्रामोद्योग, पशुपालन, मनोरंजन एवं जीवन रक्षण के कार्य करता था। इस व्यवस्था में आदिवासी सहभागीदारी एवं जवाबदारी पूर्वक जीवन व्यतीत करता था, जिसे गांधी के शब्दों में 'ग्राम-स्वराज' कह सकते हैं अर्थात् इस व्यवस्था में राजनैतिक एवं आर्थिक आजादी का अनुभव प्रत्येक व्यक्ति करता था।

प्रकृति के अंग एवं साधन सामग्री उनका जीवन था, इस कारण प्रकृति के विभिन्न अंगों की पूजा जैसे सूर्य, नदी एवं पहाड़ की पूजा करते थे, तो सर्प, पेड़ एवं बाघ की भी आदिवासी लोग पूजा करते थे, जिसके कारण उनमें अंधश्रद्धा का भाव बढ़ गया था। आदिवासियों में कुछ जातियाँ जैसे गामीत ब्राह्मणों को किसी भी विधि में नहीं बुलाते थे, लाश को दफना देते थे। प्रकृति के देवी-देवता अर्थात साँप, सूर्य, नदी, वृक्ष, वाघ आदि की पूजा करते थे। बीमार पड़ने पर दवाईयाँ लेने के स्थान पर वे मानता एवं पूजा पाठ में विश्वास करते थे। लेकिन इसके साथ वे प्राकृतिक जड़ी-बुट्टीयों से इलाज करते थे। प्रकृति से प्राप्त जड़ी-बुट्टीयों का उपयोग उनके जीवनशैली का अमूल्य खजाना था, जो कालांतर में शनैः शनैः समाप्त होता जा रहा है।



गुजरात में आदिवासियों में गामित, वसावा, ठाकोर वगैरह जातियों में शिक्षा का (अक्षर ज्ञान) थोडा सा ज्ञान था, क्योंकि वे अमलदारों, जमींदारों, सरकारी-कर्मचारियों आदि के साथ काम करते थे, लेकिन आज की औपचारिक शिक्षा का अभाव था।

स्त्रियों के गहने बांस से बनते थे। इसके अतिरिक्त हाथी दांत से बनाये जाते थे। इससे बढ़कर रोज के ताजे फूलों से कान, हाथ के आभूषण बनाये जाते थे। संपेरे का खेल, नट-नटिनों के अलग अलग खेल आदि मनोरंजन के साधन थे। नदी किनारे मिलने वाले शंख उनके संगीत के साधन होते थे। आदिवासी लोग नृत्य एवं संगीत के शौकिन होते थे। वे प्रकृति से प्राप्त लकड़ी से नाद व अन्य संगीत के साधन बनाते थे और स्त्री-पुरुष दोनों मिलकर बिना भेदभाव के नृत्य करते थे। आज भी गुजरात के आदिवासी विशेषकर डांग क्षेत्र के संगीत एवं नृत्य के प्रेमी होते हैं, वे समूह नृत्य करते है, जिसमें स्त्री-पुरुष, अमीर-गरीब, किसी भी जाति का हो, उसमें भेदभाव नहीं किया जाता। सभी मिलकर त्योहारों पर समूह नृत्य (Folk Dance) करते हैं। वे नृत्य करते समय गीत अपनी भाषा में एवं गुजराती भाषा में गाते हैं। ये लोग ढोल, शंख, नाद बजाते हैं।

लग्न व्यवस्था निराली थी। जब लड़का १२ वर्ष का हो जाने पर उसे पेड़ पर चड़ना-उतरना आ आए तो लड़का-लड़की साथ में रह सकते थे। उसके बाद अगर वे एक-दूसरे को पसंद करके जीवन-भर साथ में रहना चाहे तो उनका आपस में विवाह किया जाता था लेकिन अगर साथ में नहीं रहना है तो बच्चे हो जाने के बाद भी वे अलग रह सकते थे, इस तरह आदिवासी समाज में स्वतंत्र मिजाज से जीने के मूल्य थे।

उपनिवेशवाद के दुष्परिणामों से ये क्षेत्र भी नहीं बच पाये। अंग्रेजों एवं धनवानों की स्वार्थवृति के कारण सीधे सरल एवं अशिक्षित आदिवासी शोषित बने। इनके द्वारा दारू के पीठ्ठे चलाये जाते थे, जिसके कारण इन आदिवासियों में भी शराब पीना, चोरी करना वगैरह बदियाँ आनी शुरू हो गयी थी।

आदिवासियों में शिक्षा का अभाव होने के कारण अंधविश्वास का व्यापक प्रमाण में फैलाव था। सरकारी अमलदारों, पैसादार लोगों के कारण दारू, ताड़ी पीने का प्रभाव बढ़ने से लूंट-पाट, व्यभिचार, चोरी, मारपीट और दारू

पीने की आदत ऐसी कई बुराईयाँ आ गयी । इनके अतिरिक्त विकास के नाम पर उनकी प्राकृतिक सम्पदाओं पर सरकारी संपदा तंत्र का नियंत्रण होना शुरु हो गया। अंग्रेजों ने जंगलों पर आधिपत्य कर लिया, जिससे आदिवासियों जंगल, जमीन पर आधिपत्य नहीं रहा, जिससे आदिवासी आर्थिक रूप से गरीब, कमजोर, साधन-सामग्री से वंचित हो गये ।

III

आदिवासियों का जीवन निःश्चल, निःश्वार्थी प्रकृति की गोद में सादगीपूर्ण था लेकिन औद्योगिकरण एवं आधुनिक विकास के नाम पर आज उन्हें कई प्रश्न एवं चुनौतियों का सामना करना पड़ रहा हैं ।

कालान्तरे आधुनिकता के नाम पर अथवा विकास के दौर में स्वावलंबन पर आधारित विकेन्द्रितकृत राजनैतिक एवं आर्थिक व्यवस्था को तोडने का कार्य किया गया। विकास की (औद्योधिकरण) अँधाधूधी की दौड़ ने प्रकृति के संसाधनों (जल, जमीन, जमीन) के अति दोहन ने पर्यावरण को असंतुलित कर दिया हैं, जिससे आदिवासियों का जन-जीवन, मूल्य, आर्थिक एवं राजनैतिक व्यवस्था इत्यादि जीवन के सभी पहलू अस्त-व्यस्त हो गये है । इस औद्योगिकरण के विकास ने मानव जीवन को यंत्रवत बना दिया हैं, जिस पर 5M प्रभाव ड़ाल रहे हैं। (1) Money Power - धन बल (2) Mussel Power - बाहु बल (3) Mafia Power - माफिया बल (4) Multinational Companies Power - बहुराष्ट्रीय कंपनियाँ बल (5) Media Power - प्रत्यायन बल

इस कारण प्रकृति के संग रहेने वाले आदिवासी समाज में दूषण 6C आ गये हैं । (1) Capitalism - पूंजीवाद (2) Castesm - जातिवाद (3) Centralizationtion - केन्द्रियकरण (4) Corruption - भ्रष्टाचार (5) Consumerism - उपभोगवाद (6) Criminalization - अपराधिकरण जैसे दूषण आ गये हैं ।

प्रकृति की गोद में सरल, सहज और स्वभाविक जीवन जीने वाले आदिवासियों का ग्राम-स्वराज 5D- (1) Democracy - लोकतंत्र (2) Decentralization - विकेन्द्रिकरण (3) Distribution - वितरण (4) Disarmament - निःशस्त्रीकरण (5) Development - विकास पर आधारित था, जिसे गांधी ग्राम-स्वराज कहते थे, आज उसका पूर्णतः विलोपन हो गया है।



भारत के आदिवासियों के जीवन का अवलोकन करे तो आधुनिक विकास के नाम पर इनकी जीवनशैली, परंपरागत जमीन और प्राकृतिक संसाधनों पर नियंत्रण और उनके अधिकारों का सतत उल्लंघन किया गया है । फिर भी इस समुदाय ने सामाजिक, आर्थिक और राजनैतिक विशेषताओं को संरक्षित रखा है, उसे विकास की नीतियों में उन्हें विशेष केंद्र में रखा जाये तो ही स्थायी विकास (Sustainable Development) हो पायेगा, ऐसा कई समाजशास्त्री विचारक मानते हैं ।

गुजरात के आदिवासी क्षेत्रों से अधिक प्रमाण के लोगों का स्थानातंरण होता है। स्थानीय स्तर पर स्थायी रोजगारी के अभाव के कारण होने वाला स्थानातंरण कई समस्याओं जैसे बालकों की शिक्षा पर दुष्परिणाम पड़ता है । सरकारी योजनाओं एवं विविध कार्यक्रमों का लाभ भी नहीं मिल पाता और इसके अलावा स्थानांतरण के स्थलों पर निवास, पीने का पानी, बिजली, शौचालय, खाद-सामग्री, स्कूल, आरोग्य सुविधा, सामाजिक सुरक्षा एवं सलामती जैसी प्राथमिक सुविधाओं का अभाव देखने को मिलता है। राष्ट्रसंघ ने आदिवासियों के स्थानांतरण से उत्पन्न इन सभी प्रश्नों अथवा समस्याओं को समझने एवं स्थानीय रोजगारी के अभाव से होने वाले स्थानांतरण को रोकने के लिए विभिन्न कार्यक्रम करने की घोषणा की है, जिसमें स्थानांतरण को रोकने, स्थानांतरण के स्थल पर के प्रश्न, प्राथमिक सुविधाओं के अभाव और शोषण के सामने न्यायपूर्ण परिस्थिति सर्जन करने के आंदोलन में सरकार, संस्थायें और समाज सहभागीदारी एवं परिश्रम से प्रतिबद्धता से काम करेंगे, ऐसा प्रावद्यान भी रखा गया है ।

इस संदर्भ में विश्वभर के देशों में भारत और गुजरात में निवास करने वाले आदिवासी समुदाय की आर्थिक, सामाजिक, सांस्कृतिक रूप से उत्कर्ष हो, वे अन्य समाज की पंक्ति में आये और बिन-आदिवासी समुदाय भी उन्हें अधिकार देने के लिए सहभागीदार बने, उसी उद्देश्य से ९ अगस्त को मूल निवास दिन (आदिवासी दिन) राष्ट्रसंघ की घोषणा (२३ दिसम्बर-१९९४) से मनाया जाता है। इस दिन के मनाने से आदिवासी समाज के अधिकारों से सबंधित विषयों के प्रति संवेदना एवं समज (understanding) बढ़ें उनके लिए प्रत्येक वर्ष अलग-अलग विषय देकर कार्यक्रम किये जाते है । ९ अगस्त २०१८ के वर्ष

में स्थानातंर एवं आंदोलनों विषय पर विविध कार्यक्रम करने का विचार किया गया । (११)

गांधीजी आदिवासी जीवन और संस्कृति के विविध पहलूओं की समस्याओं को सुलझाने के लिए अपना अमूल्य समय देते थे । उनका यह अभिगम मानवतावादी था और आदिवासियों की परिस्थितियों के अनुकूल एवं उत्तम था, जिसमें आदिवासियों की जीवनशैली एवं संस्कृति (Culture), प्रकृति (Nature) के सानिध्य में विकसित करके भविष्य (Future) को सुरक्षित किया जा सकता है । इस प्रकार आदिवासियों की जीवनशैली संस्कृति (Culture), प्रकृति (Nature) एवंम भावि (Future) की परिचालक है । आदिवासियों के Culture, और Nature को सुरक्षित, संरक्षित किया जाये तो इससे प्रकृति की साधन सामग्री, जल, जंगल एवं जमीन को सुरक्षित रखा जा सकता है । इस प्रकार अगर मानवजाति, प्राणीजगत एवं पदार्थजगत (पर्यावरण) एवं समग्र ब्रह्मांड को सुरक्षित रखना है तो आदिवासीयों की जीवनशैली एवं संस्कृति को भारत में ही नहीं विश्व में सुरक्षित रखना होगा ।

**संदर्भ :**


१. गांधीजी **:** 'रचनात्मक कार्यक्रम, उनका हृदय और स्थान' अनुवादक काशीनाथ त्रिवेदी, नवजीवन प्रकाशन मंदिर अहमदाबाद-१४ वर्ष १९६१ पृष्ठ सं. ४२

२. Ibid पृष्ठ सं. ४२

३. Ibid पृष्ठ सं. ४३

४. रमण मोदी - रचनात्मक कार्यक्रमनुं सामाजिक दर्शन (गुजराती में) नवजीवन प्रकाशन अहमदाबाद - जुलाई, १९९७ पृष्ठ सं. १७०

५. Ibid पृष्ठ सं. १७१

६. Ibid पृष्ठ सं. १७१

७. Ibid पृष्ठ सं. १७६

८. Ibid पृष्ठ सं. १७२

९. Census of india 2011

१०. Ibid 2011

११. आदिवासी गुजरात वोल्युम**:** 2 Issue:2 Half Yearly - July-December 2018 पृष्ठ सं. ६


●



## ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ રંગોળી હરીફાઈ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા સતત આ ત્રીજા વર્ષે પણ દિવાળી પૂર્વે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીનો તહેવાર એટલે રોશનીથી ઘરને ઝગમગાટ કરીને અંધકારને દૂર કરવાનું પર્વ છે. વર્ષોથી દિવાળીના તહેવારો દરમ્યાન ઘરે ઘરે દરેક આંગણામાં સુંદર મજાની રંગોળી દોરવાની પરંપરા છે.

દર વર્ષની જેમ આમાં ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ અને યુવાવર્ગ જોડાયો હતો. આ વર્ષે કોરોના મહામારીનો ખતરો થોડો ઓછો થયો હોવાથી આ હરીફાઈ ઑનલાઈન અને ઑફલાઈન બંને રીતે ગોઠવવામાં આવી હતી.

ઑફલાઈન રંગોળી ૩૦ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ રાખેલ હતી, જેમાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જ્યારે ઑનલાઈન સ્પર્ધામાં ૪૬ લોકોએ ભાગ લીધો. મોટાભાગના સ્પર્ધકોમાં બહેનો જ હતી. અલબત્ત ઑફલાઈન અને ઑનલાઈનમાં થઈ ૭ યુવાનોએ ભાગ લીધો હતો. આ તમામને ૨.૫ ચો. ફૂટની જગ્યામાં ૧.૫ કલાકના સમયમાં રંગોળી પૂર્ણ કરવાની હતી. રંગોળીના મૂલ્યાંકન માટે પાંચ માપદંડ સ્વચ્છતા, સુંદરતા, સમય પાલન, વિષય વસ્તુ અને પૂર્વનિર્ધારિકા જગાનો ઉપયોગના આધારે કરવામાં આવ્યું.

ઑફલાઈન રંગોળી સ્પર્ધામાં પ્રથમ ઈનામ માટે પ્રજાપતિ સંજનાબહેન, બીજા ઈનામ માટે નાગની સૃષ્ટિબહેન અને ત્રીજા નંબર માટે ઠક્કર કૃતિબહેનની રંગોળી પસંદ થઈ. અને ઑનલાઈન રંગોળીમાં પ્રથમ નંબરે કિરણભાઈ વસાવા, બીજા નંબરે કોમલબહેન અને ત્રીજા નંબરે જૂહીબહેન પટેલ આવ્યાં હતાં. તમામ ઈનામ વિજેતાઓને અભિનંદન.

### ૪.૨ પ્રશ્નોત્તરી કાર્યક્રમ

તારીખ ૨૧ થી ૨૩ નવેમ્બરે સંસ્થાના સ્થાપક પ્રો. રામલાલભાઈ પરીખની પુણ્યતિથિ (૨૧મી નવેમ્બરે) નિમિત્તે તેમની સ્મૃતિમાં લોકો વિજ્ઞાન વિશે જાણે અને સમજે તે ઉદ્દેશ્યથી લોક વિજ્ઞાનના ૫૦ પ્રશ્નો તૈયાર કરી ઑનલાઈન પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખેલ હતો. આ પ્રશ્નોતરીમાં એવા પ્રશ્નો પસંદ કરેલ હતા, જે રોજિંદા જીવનમાં વપરાતા વિજ્ઞાન સાથે સંબધિત હોય. આ પ્રશ્નોત્તરીમાં કોલેજોના ૧૭૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ૯૫ ભાઈઓ અને ૮૩ બહેનો હતાં. ભાગ લેનારામાંથી ૧૩ લોકોના તમામ

જવાબો સાચા હતા, ૭૮ લોકોના ૩૫થી વધુ સાચા જવાબ હતા, જ્યારે બાકીના ૮૭ લોકોના ૩૫ થી ઓછા જવાબો ખોટા હતા.

ડિસેમ્બરની તારીખ ૧૫ થી ૧૭ના રોજ દેશની ભૂગોળ સંદર્ભે પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી. કૉલેજના અને ધોરણ ૧૧-૧૨ ના ૨૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ૮૬ બહેનો અને ૧૩૧ ભાઈઓ ઑનલાઈન દ્વારા ભાગ લીધો હતો. આમાં ૩૫ થી વધારે સાચા જવાબો માત્ર ૬૩ વિદ્યાર્થીઓના જ હતા.

### ૪.૩ સ્વ. રામલાલભાઈ પરીખની પુણ્યતિથિ નિમિત્તે સ્મરણયાત્રા

સંસ્થાના સ્થાપક પ્રા. રામલાલભાઈ પરીખની ૨૨મી પુણ્યતિથિએ સંસ્થાના તમામ કાર્યકરો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ, સેક્રેટરી શ્રી મયંકભાઈ ઉપાધ્યાય પણ હાજર રહ્યાં હતા. શરૂઆતમાં પ્રાર્થના કરી અને ત્યારબાદ શ્રી મયંકભાઈએ આજના કાર્યક્રમ સંદર્ભે પ્રા. રામલાલભાઈના કાર્ય વિશે ટૂંકમાં વાત કરી અને તેમને કર્માંજલિ આપી. ત્યારબાદ આ બેઠકના વક્તા ગૂજરાત વિદ્યાપીઠના પરીક્ષા વિભાગમાંથી શ્રી પીયુષભાઈ શાહે આજના કાર્યક્રમ સંદર્ભે પ્રા. રામલાલભાઈ સાથે કામ કરવાના અનુભવોની વાત કરી. આમ તો તેમના વચ્ચે બે પેઢીનું અંતર હતું પણ છતાં તેઓ આધુનિક હતા. જ્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં કોમ્પ્યૂટર લાવવા વિશેની વાત હતી ત્યારે બધાના મનમાં અવઢવ હતું, પણ રામલાલભાઈએ બધાને સહમત કર્યા અને વિદ્યાર્થીઓને નવી ટૅક્નોલોજી શીખવાની તકો ઊભી કરી.

અમદાવાદના એક કાર્યક્રમમાં રામલાલભાઈને હાજર રહેવાનું હતું. તેઓ આ સમયે દિલ્હી હતા અને કોઈ કારણોસર દિલ્હીથી અમદાવાદની ડાયરેક્ટ ફ્લાઈટ રદ થઈ હોવા છતાં વાયા વાયા થઈને તેઓ અમદાવાદ આવ્યા અને નક્કી કરેલ કાર્યક્રમમાં હાજર રહ્યા. આમ એકવાર તેઓ જે નક્કી કરતા તે કામ પૂર્ણ કરીને જ રહેતા તેવા દૃઢ નિશ્ચયી હતા, અને ક્યારેય હાર માને તેમ ન હતા. બીજી તેમની એ ખાસિયત હતી કે તેઓ દરેક સાથે એકસરખું જોડાણ રાખતા એનું ઉદાહરણ એ હતું કે જ્યારે પત્ર વ્યવહાર કરે ત્યારે એક ક્લાર્ક સમજે એ રીતે પત્ર લખતા હતા. કેમ કે પત્ર પહેલા ક્લાર્કના હાથમાં જાય અને એ વાંચે એટલે એને તરત જ ખબર પડે એ હેતુથી ખૂબ સરળ અને સાદી ભાષામાં પત્ર વ્યવહાર કરતાં હતા. પ્રા. રામલાલભાઈને ૧૯૯૫માં વિશ્વ ગુર્જરીનો ઍવૉર્ડ મળ્યો હતો. આ ઍવૉર્ડની રકમ તેમણે ગૂજરાત



વિદ્યાપીઠમાં આપી દીધી હતી. આ તેમની મહાનતા હતી. આ સિવાય તેમના અંગત વ્યવહારની વાત કરતાં જણાવ્યું કે તેઓ સવારે જે કપડાં પહેરતા હતા તે જ આખા દિવસ દરમ્યાન ચલાવતા પછી તે સમય દરમ્યાન લગ્ન, મરણ કે કોઈ પણ પ્રસંગે જવાનું હોય તો પણ બદલતા નહોતા, આટલી સાદગીથી રહેતા હતા. કામ કરવાની તો વાત જ અનોખી હતી. કામ ગમે તે રીતે થવું જોઈએ. પણ કામની ફરિયાદ ના આવવી જોઈએ, તેવું તેઓ માનતા હતા. શિક્ષણ થકી જ વિકાસ શક્ય છે તેવું તેઓ માનતા હતા તેથી જ ગુજરાતનો સાક્ષરતા દર ઊંચો લાવવાનું શ્રેય તેમને ફાળે જાય છે.

### ૪.૪ સમુદાય શિક્ષણનો અભ્યાસક્રમ

કોઈ પણ સમાજ અનેક સમુદાયોમાં વહેંચાયેલો જોવા મળે છે. આ સમુદાય જ્ઞાતિ આધારિત હોય, કોઈ એક વિશેષ પરિસ્થિતિ આધારિત હોય, ધર્મ આધારિત હોય. સમુદાય એક એવા વ્યક્તિઓનો સમૂહ છે જેના બધા સભ્યોમાં ઓછામાં ઓછી કોઈ એક સમાનતા હોય. આવા સમુદાયો બને અને વિલય પામે, ક્યાંક બીજામાં ભળે, ક્યાંક કાયમ માટે ભૂંસાઈ પણ જાય. સમુદાય બનવાની અને વિલય થવાની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. પણ, આવા સમુદાયો જેટલા વધારે અને જેટલા ક્રિયાશીલ એટલો સમાજ ઝડપથી વિકસે, લોકશાહી વધારે મજબૂત બને અને સમાજમાં સંવાદિતા સ્થપાય. સમુદાય શિક્ષણ એ આવા સમુદાયને અપાતું શિક્ષણ છે. એનો ઉદ્દેશ સમુદાયને શિક્ષિત કરવાનો છે, કોઈ એક વ્યક્તિના ફાયદા, વિકાસ માટે એ પ્રયોજવામાં આવતું નથી. આથી જ એની શિક્ષણ પધ્ધતિ આગવી હોય છે. એના કેન્દ્રમાં શીખનારા અને એમની જરૂરિયાતો છે. એ દ્વિમુખી પ્રક્રિયા છે. એમાં શીખનાર અને શીખવનાર બંનેની સરખી ભાગીદારી છે. એમાં દાખલ થવા કે બહાર નીકળવા માટેની પૂર્વશરતો ઓછામાં ઓછી હોય છે. એમાં વર્ગશિક્ષણ જેટલું જ મહત્ત્વ પ્રાયોગિક શિક્ષણનું છે, અનુભવ જ્ઞાનનું છે. એ સામુદાયિક સંસાધનો પર વિશેષ આધાર રાખે છે. એમાં સામાન્ય રીતે શિક્ષણ સંસ્થાઓ ઉપરાંત કે વગર અન્ય સંસ્થાઓ કામ કરે છે. સમુદાય શિક્ષણ ભિન્ન ભિન્ન સ્વરૂપે બધા દેશોમાં ચાલે છે. પણ જુદા જુદા દેશોએ એની જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે, જેમ કે ઈંગ્લેન્ડમાં સમુદાય શિક્ષણનો અર્થ કૌશલ્ય વર્ધનના સંદર્ભમાં કરવામાં આવ્યો છે પણ એ પણ વ્યક્તિગત કરતાં સામૂહિક શિક્ષણને વધુ મહત્ત્વ આપે છે. ઑસ્ટ્રેલિયા સમુદાય શિક્ષણની વ્યાખ્યા આપતા કહે છે કે

સમુદાય શિક્ષણ જીવનપર્યંત શિક્ષણની જરૂરિયાતો પૂરી પાડવાની પ્રક્રિયા છે.

કેનેડામાં સમુદાય શિક્ષણને વ્યક્તિગત અને સમુદાયની સુખાકારી માટે પ્રયોજતા શિક્ષણ ગણવામાં આવે છે. એનો ઉદ્દેશ સમાજમાં પરિવર્તનનો હોય છે. અને એ બધી ઉંમરના લોકો માટે છે. સમુદાય શિક્ષણ લોકો દ્વારા લોકોથી લોકો માટે એટલે કે એક બીજાની સુખાકારી માટે ચાલતી શિક્ષણ પ્રક્રિયા છે. ભારતમાં મહદંશે એ જીવંતપર્યંત શિક્ષણ, નિરંતર શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણના સ્વરૂપમાં સ્વીકારાયું. તાજેતરમાં કૌશલ્ય વર્ધનને માટે પણ સમુદાય શિક્ષણની જરૂરિયાત સ્વીકારાઈ છે.

ભારતીય સમુદાય શિક્ષણ સંઘને એના લાંબા અનુભવથી લાગ્યું છે કે ભારતમાં સમુદાય શિક્ષણની ઘનતા અને વ્યાપ બંને વધારવાની જરૂર છે. પણ આપણી પાસે એના માટે યોગ્ય, તાલીમી કાર્યકરો નથી. શિક્ષણથી સમાજ પરિવર્તનની ગાંધીજીને વાતને હવે કાર્યમાં ભાષાંતરિત કરવાનો સમય આવી ગયો છે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘે આ સંદર્ભમાં પોતાનું દાયિત્વ સ્વીકારી ગુજરાતના ગણમાન્ય શિક્ષણકારો જેવા ડૉ. રમેશ કોઠારી, ડૉ. ભદ્રાયુભાઈ વચ્છરાજાની, ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા, ડૉ. ભરતભાઈ જોષીની મદદથી સ્નાતક કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓ માટે એક બહુ આયામી અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. જેને વિદ્યાપીઠમાં આવતા શૈક્ષણિક વર્ષથી ભણાવવાનું વિચારાયું છે. કદાચ સમુદાય શિક્ષણને લઈને ચાલતા અભ્યાસક્રમોમાં અલગ ભાત પાડશે.

### ૪.૫ વ્યસનમુક્તિ કાર્યક્રમ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘે વ્યસનોની સામે લડવા માટે સોશિયલ માધ્યમ દ્વારા એક અભિયાન હાથ ધર્યું છે. આ માધ્યમ દ્વારા આજકાલના યુવાનોમાં જોવા મળતા નવાં વ્યસનો, જેમાં મોબાઇલનો વધુ પડતો ઉપયોગ કરવો, સતત ઑનલાઈન ગેમો રમ્યા કરવી, ઓનલાઈન જુગાર રમવો, વધુ પડતી સેલ્ફી લેવાનો શોખ, ઠંડાં પીણાં પીવાનો શોખ, વગેરે જેવાં વ્યસનો આજે બીડી, સિગારેટ, તમાકુ, દારૂ કરતાં વધારે વ્યાપક બન્યા છે. યુવાનોનાં આવાં વ્યસનોથી આજે તેમના વાલીઓ પણ ચિંતિત છે. આ નવાં વ્યસનોથી આજકાલનાં બાળકો, યુવક-યુવતીઓને છોડાવવા માટે અમારી સંસ્થાના સામાજિક માધ્યમો* ઉપર દરરોજ અલગ અલગ વ્યસન છોડાવવાનાં સૂત્રો અને પોસ્ટરોની પોસ્ટ મૂકવામાં આવે છે, જેમાં મોબાઇલનો કેવી રીતે ઓછો

* જેવા કે ફેસબુક અને ઈંસ્ટાગ્રામમાં ૨૮૦૦ ફોલોઅર્સ છે અને સંસ્થાનું ૨૪૦૯ લોકોનું જૂથ વોટ્સએપથી જોડાયેલું છે.



ઉપયોગ કરવો, વધુ પડતા ઉપયોગથી શાં શાં નુકસાન થાય. મોબાઈલમાં ઓનલાઈન રમતો અને જુગાર રમવાની લત કેવી રીતે છોડાવવી, ઇન્ટરનેટનો સદ્ઉપયોગ કરવો વગેરેને પોસ્ટરો અને સૂત્રો દ્વારા સમજાવવાનો પ્રયાસ થાય છે, જેથી આ સૂત્રો કે પોસ્ટરો વાંચીને આજનું યુવાધન સાચી દિશા તરફ જાય અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરી શકે.

### ૪.૬ નિબંધ, લેખન સ્પર્ધા

સંસ્થા તરફથી છેલ્લાં ૧૩ વર્ષથી ૨જી ઑક્ટોબર ગાંધીજયંતિ નિમિત્તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગાંધીજીના એકાદશી વ્રતો આધારિત નિબંધ-વિષયો પર લેખન સ્પર્ધા યોજવામાં આવે છે. આ સ્પર્ધામાં દર વર્ષે ગ્રામીણ અને શહેરી વિસ્તારની ૬૦-૭૦ શાળાઓમાંથી ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં ૧૮૦૦-૨૦૦૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાય છે. આ વર્ષે કોરોના મહામારીના કારણે વિદ્યાર્થીઓ ઑનલાઈન શિક્ષણ પ્રાપ્ત કરતાં હોવાથી અને શાળામાં નિયમિત આવી શકતા ન હોવાથી આ સ્પર્ધા શિક્ષકો માટે કરવાનું વિચાર્યું. સ્પર્ધા માટેનો વિષય હતો; 'આઝાદીના ૭૫મા વર્ષે ગાંધીજી આદર્યા અધૂરા.' જેમાં ભાગ લેવા માટે ૨૦૦ થી પણ વધારે શાળાઓમાં પત્ર, ઈમેઈલ અને વૉટ્સઅપ દ્વારા સ્પર્ધાની જાણ કરવામાં આવી હતી. પણ ૧૯ શાળાઓમાંથી ૩૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. નિબંધોની કક્ષા પણ નબળી હતી. પ્રથમ ઈનામને યોગ્ય કોઈ નિબંધ પસંદ થયો નથી. બીજા અને ત્રીજા ઈનામ માટે નીચેના નિબંધો પસંદ થયા છે.

દ્વિતીય નંબર : મોમીન મુશર્રતફાતમા ગુલામઅલી

શાળાનું નામ : મનસુરી એમ.આઈ. કુપ્પીવાલા ગર્લ્સ હાઇસ્કૂલ, ધોળકા

તૃતીય નંબર : કાલરિયા પૂનમબહેન ભૂપતભાઈ

શાળાનું નામ : શ્રી એલ.એચ.એચ. અને જે.એમ.ટી.સાર્વ. કન્યા વિદ્યાલય, સંખેડા.

બંને શિક્ષકોને ખૂબ ખૂભ અભિનંદન અને શુભેચ્છાઓ.

> India must not lazily say, I cannot escape the onrush of the west. She must be strong enough to resist it for her own sake and that of the world.
>
> - Mahatma Gandhi

# ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

## ૫.૧ કમ્પ્યૂટર, લેપટોપ અને મોબાઈલ પર ઉપલબ્ધ થશે વિશ્વકોશનો વિરાટ જ્ઞાનસાગર

ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વિશ્વકોશ (એન્સાઈક્લોપીડિયા) પ્રગટ કરનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૧૯૮૭ થી ૨૦૦૯ સુધીના બાવીસ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન કર્યું. ૧૭૦ જેટલા વિષયો સમાવતાં ૨૪,૦૮૩ લખાણોવાળો ગુજરાતી વિશ્વકોશ ગુજરાતનો સૌથી મોટો જ્ઞાનસાગર બની રહ્યો. એ પછી વર્તમાન સમયને અનુલક્ષીને છેલ્લાં સાતેક વર્ષથી ગુજરાતી વિશ્વકોશના ૨૪,૦૦૦ થી વધુ લખાણો ઑનલાઈન મૂકવાનો પ્રકલ્પ ચાલતો હતો, જેને પરિણામે સવા કરોડની શબ્દ સંખ્યા ધરાવતો આ વિશ્વકોશ હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે. શ્રી કુમારપાળ દેસાઈના નેતૃત્વ હેઠળ અને ઈન્ફર્મેશન ટૅક્નોલૉજીના અનુભવી પૂર્વીન દેસાઈના કાર્ય સાથે વિશ્વકોશે આ યોજના સાકાર કરવા માટે એક અલાયદી ટીમ બનાવી અને એ દ્વારા ગુજરાતી ભાષામાં ૮,૩૬૦ માનવવિદ્યાના, ૮,૦૮૩ વિજ્ઞાનના, ૭,૬૪૦ સમાજવિદ્યાના, ૭,૬૪૭ લઘુચરિત્રો તેમજ ૫,૦૬૩ વિસ્તૃત વ્યાપ્તિ લેખો અને ૨,૦૪૬ અનુદિત લેખો હવે ગુજરાતની પ્રજાને ઑનલાઈન ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. આ ઑનલાઈન વિશ્વકોશના દરેક વોલ્યુમમાં એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય તેનું વર્ષ મળશે, જેથી એનો ખ્યાલ આવશે કે કયા સમય સુધીની માહિતી આ અધિકરણમાંથી ઉપલબ્ધ થશે. આ ગ્રંથો વિશ્વકોશના અધિકરણના શીર્ષકથી, લેખકના નામથી કે એના વિષયથી 'સર્ચ' કરીને એમ ત્રણ રીતે એની માહિતી મેળવી શકાશે. જ્યારે લેખકના નામથી સર્ચ થાય, તે વખતે એ નામ જે જે લેખમાં આવતું હશે, એ લેખ પણ તમને સાથે દેખાશે. આ સામગ્રી મોબાઈલમાં પણ ગુજરાતી કી-બૉર્ડ ઈન્સ્ટોલ કર્યા પછી ઑનલાઈન જોઈ શકાશે. આમ કમ્પ્યૂટર, લેપટોપ કે મોબાઈલમાં આ ચોવીસ હજારથી વધુ લખાણો પ્રાપ્ત થશે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતી ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓને સમૃદ્ધ, રસપૂર્ણ, અધિકૃત પરિચય આમાંથી પ્રાપ્ત થશે તેમજ નિષ્ણાતો દ્વારા લખાયેલા સ્વતંત્ર લેખોથી વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે. સમૃદ્ધ



ગુજરાતના મા.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંત સ્વામીશ્રી માધવપ્રિયદાસજી તથા જાણીતા વિજ્ઞાની પંકજ જોશીએ ગુજરાતી ભાષામાં વર્તમાન યુગને અનુસરીને વિશ્વકોશને ઑનલાઈન મૂકવાના વિરાટ કાર્ય સિદ્ધ થવા માટે વિશ્વકોશ ટ્રસ્ટને અભિનંદન આપ્યાં હતાં અને ગુજરાતના મા.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિશ્વકોશના કાર્યવાહકો કુમારપાળ દેસાઈ, પી.કે.લહેરી, પ્રકાશ ભગવતી, પ્રીતિ શાહ, મનુભાઈ શાહ, પૂર્વીન દેસાઈ અને નલિની દેસાઈ સાથેની મુલાકાતમાં પોતાનો આનંદ પ્રગટ કર્યો હતો.

## ૫.૨ રમકડાંની બૅંક

''દરેક બાળકને રમવાનો અધિકાર છે, એના બાળપણ પર એનો અધિકાર છે'', પણ સમાજના અનેક વર્ગો ખાસ કરીને દલિત, ગરીબ, બેકાર લોકોનાં સંતાનો સુધી રમકડાં પહોંચતાં જ નથી. રમકડાં એ બાળકના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઓપન ટ્રી ફાઉન્ડેશન રમકડાં બનાવતી કંપનીઓ પાસેથી રમકડાં અને બોર્ડ રમતો ભેગી કરે છે અને શૈક્ષણિક સંસ્થાઓમાં ટૉય લાઈબ્રેરી ઊભી કરે છે. સન ૨૦૦૦ થી શરૂ કરીને આજ સુધીમાં ૨૪૦ લાખ બાળકોને રમકડાંનો લાભ આ સંસ્થાએ આપ્યો છે. પહેલા દાયકામાં જ ૧૦૦૦ થી વધારે દાન કરનાર લોકો / સંસ્થાઓ સાથે એ જોડાયા છે. ૨૦૧૫ સુધીમાં મુંબઈ એકલામાં ૧૫૪ પ્લેસેન્ટર ઊભાં કર્યાં, તેમજ અન્ય મોટાં શહેરોમાં અને મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૫ કેન્દ્રોની સ્થાપના કરી છે. દર વર્ષ (Power of Play) રમતોની બાળકોને ઘડવાની શક્તિ ઉપર શિક્ષકો માટે કાર્યશાળાઓ યોજવામાં આવે છે, જેથી શિક્ષકો બાળકોના જીવનમાં રમતોના મહત્ત્વને સમજી શકે અને રમકડાંનો બાળકો માટે યોગ્ય પ્રાવધાન અને ઉપયોગ કરે.

આજે આ બાળકોના બાળપણ પરના અધિકારની વાત કરતાં એક ચળવળ બની ગઈ છે. આજે એમાં ૧૨૫૦ સ્વૈચ્છિક કાર્યકરો કામ કરે છે. અનેક બાળકો જેમનું બાળપણ વિભિન્ન કારણોથી જોખમમાં આવી ગયું છે, તે બધાને બાળપણ આપી શકાય તો ભવિષ્યના સારા નાગરિકો તૈયાર થઈ શકે એમ આ સંસ્થાનાં સ્થાપક શ્વેતા ચારીનું માનવુ છે. તેમની આ ચળવળે લાખો બાળકોના જીવન પ્રત્યેનો અભિગમ બદલ્યો છે, અને તે વધારે વિધેયાત્મક બન્યો છે.

gujaratvishwakosh.org લીંક પરથી ઑનલાઈન વિશ્વકોશ જોઈ શકશો.

## ૬. પુસ્તક પરિચય

**પુસ્તકનું શીર્ષક : 'શાશ્વત ગાંધી' ભાગ-૨, ગાંધી : ગઈકાલના, આજના, આવતીકાલના.**
**સંપાદક : શ્રી રમેશભાઈ સંઘવી**
**પ્રકાશક : વનરાજ પટેલ, મીડિયા પબ્લિકેશન**
**૧૦૩, મંગલમૂર્તિ, કાળવાચોક, જૂનાગઢ**
**કુલ પાનાંની સંખ્યા : ૨૧૬**
**કિંમત : રૂ. ૨૫૦.૦૦**

આખી દુનિયામાં ગાંધીની જરૂરિયાત આ જમાના માટે ઠેર ઠેર અનુભવાઈ રહી છે. આજે જગતભરમાં જે વિનાશ, અશાંતિ અને અસલામતી ચાલી રહ્યાં છે, તેમાં લોકોને ગાંધીની યાદ આવે તે સ્વાભાવિક છે, પરંતુ માત્ર તે યાદથી, જરૂરિયાતની એ લાગણીથી ગાંધીનું સ્થાન નથી બની જતું. સ્થાન બનશે ઊંડાણમાં જઈને વિચારવાથી, વિચારવાની એ રીતને જ બદલવાથી, જે 'સંભવ'ને, 'વ્યાવહારિકતા' ને સંકુચિત વર્તમાનની કેદમાંથી મુક્ત જ નથી કરી શકતી ! એ પકડ એવી મજબૂત છે કે, આવતી કાલ માટે કંઈ તદ્દન નૂતનથી કલ્પના કરવી તો દૂર રહી, જે ગઈ કાલ સુધી ઉચિત હતી એવી સંભાવનાને પણ ભુલાવી દે છે ! આ વાત આ પુસ્તકમાં લેવાયેલ સુધીરચંદ્રના લેખમાં કહેવાયેલી છે. આજની પરિસ્થિતિનું સચોટ આકલન આ ઉક્તિમાં સમાયેલું છે એનો જ પ્રયત્ન આ પુસ્તકના લેખકોએ કર્યો છે.

આ પુસ્તકમાં ૪૧ લેખો છે, જેમાં ચાર પરદેશી લેખકોએ ગાંધીને અંજલિરૂપે લખેલા છે. બાકીના કૃપલાણી, જયપ્રકાશ નારાયણ, રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી આનંદ જેવાના જેઓએ તે સમયે ગાંધીજી સાથે દિવસો ગાળ્યા છે, નજીકથી તેમને નિહાળ્યા છે. જયપ્રકાશજીએ લખ્યું છે કે 'માનવ કલ્યાણ માટેના રાહની અવિરત ખોજમાં હું છેવટે ગાંધીજીના માર્ગે પહોંચ્યો છું તેનો મને સંતોષ છે' ટાગોર લખે છે 'જાણીબૂઝીને આપણે જેમને ખોયાં છે, તેમને આપણી મેળે જ આજે સાદ દઈ પાછા બોલાવવાના છે.' બાકીના અનેક લેખકોએ પોતાની આગવી ચિંતનાત્મક વિચારસરણીથી ગાંધીવિચારને લોકો સમક્ષ મૂકવાનો પ્રયત્ન કર્યો છે.



ચંદ્રશેખર ધર્માધિકારી લખે છે કે 'ગાંધીજીએ ત્રણ 'ધ' ખતમ કર્યા. ધર્મ, ધંધો અને ધન. એના બદલામાં તેઓ ત્રણ 'ઝ' આપતા ગયા. ઝંડો, ઝાડુ અને ઝોળી. ગાંધી ધર્માંધતા, ધન શક્તિ અને બજારવાદને ખતમ કરવા માગતા હતા. આજે એવા યુવાનોની - યૌવનની જરૂર છે જેમાં તેજસ્વિતા, તપસ્વિતા અને તત્ત્વનિષ્ઠા હોય.'

પુરુષોત્તમ માવલંકર લખે છે : ટોયન્બીનું કહેલું 'ગો બેક ટુ ગાંધી' સમજીએ. આપણા વ્યક્તિગત અને જાહેરજીવનમાં ગાંધીના પંચશીલ - સચ્ચાઈ, સભ્યતા, સેવાપરાયણતા, સંનિષ્ઠા અને સાદાઈને સ્વીકારી શકાય.

મીરાંબહેન ભટ્ટ કબીરની વાત કરતાં લખે છે 'તુમ કહતા હો કાગજ લેખી, મૈં કહત હું નિજ નયન કી દેખી, લિખા લિખી કો બાત નહીં યહ, દેખાદેખી કી બાત.' આપણે પણ ગાંધીતત્ત્વને સમજી વિચારી પૂરેપૂરા પામીએ.

**- ભદ્રા સવાઈ**

''જ્ઞાનની જ્યોત મનુષ્યની શક્તિ છે. આ શક્તિને મનુષ્યમાત્રાના કલ્યાણ માટે ખપમાં લેવી તેમાં આપણી કસોટી છે. આજે જ્યારે વિકસિત સમાજ ચંદ્રલોક સુધી પહોંચ્યો છે ત્યારે ગામડામાં રહેતા આપણા ભાઈઓ શહેરોને પણ નથી જાણતા. આ અંતર મિટાવવાનું છે.''

● ● ●

''શિક્ષણ સંવાદી બળ બનવાને બદલે નવી અસમાનતાઓ ઊભી કરી રહ્યું છે.

અભ્યાસ બધા જ તબક્કે જીવનના બધાં જ પાસાં અને બધી જ પ્રક્રિયાઓને એવી રીતે આવરી લે કે જેથી શિક્ષણનો દરેક તબક્કો અથવા સ્વરૂપ બીજા સમૃદ્ધ બને તેવી સમતુલિત અભ્યાસ-પ્રક્રિયા સિદ્ધ કરવામાં રહેલો છે. હાલમાં સમુદાય શિક્ષણ દ્વારા આ સિદ્ધ કરવા પ્રયાસ થઈ રહ્યો છે.

● ● ●

''શિક્ષણના સામાજિક દૃષ્ટિકોણ ઝડપથી સમજાતા જાય છે. આથી સામાજિક જવાબદારી વગરની અભ્યાસપ્રક્રિયાનો વિચાર કરવો અશક્ય બન્યો છે.''

**- પ્રા. રામલાલ પરીખ**

## ૭. આગામી કાર્યક્રમો

**૭.૧. ''સ્વ. મહાદેવભાઈ દેસાઈ અને ગાંધીજી'' પર નિબંધ સ્પર્ધા**

સંસ્થા દ્વારા ૧ જાન્યુઆરીએ સ્વ.મહાદેવભાઈ દેસાઈ સ્મારક ટ્રસ્ટના સહયોગથી એક નિબંધ સ્પર્ધા રાખવામાં આવી છે. એનો વિષય છે : સ્વ. મહાદેવ દેસાઈ અને ગાંધીજી. આ સ્પર્ધા દક્ષિણ ગુજરાતના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે રાખવામાં આવેલ છે. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ ગાંધીજીના જમણા હાથ સમો ગણાતા અને અંગત સચિવ તરીકે રહેલા મહાદેવભાઈ દેસાઈના જીવન વિશે અને તેમણે કરેલાં કાર્યો વિશે અને સહવિશેષ એમનાં ગાંધીજી સાથેનો સબંધ અને એ પ્રત્યેના સમર્પણની વાત શિક્ષકજગત જાણે એ છે.

**૭.૨ પ્રશ્નોતરી-સંવિધાન, સાહિત્ય અને મહિલા સશક્તીકરણ**

લોકોમાં બંધારણ, સાહિત્ય અને મહિલાઓ વિશે જાણકારી વધે તે હેતુસર જાન્યુઆરી - ફેબ્રુઆરી અને માર્ચ, ૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન પ્રશ્નોતરીનો કાર્યક્રમ રાખવામાં આવશે. જે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન નિમિત્તે ૨૧મી ફેબ્રુઆરી માતૃભાષા દિનની ઉજવણી નિમિત્તે અને ૮ મી માર્ચ મહિલાદિન ઉજવણી માટે ઓનલાઈન કરવામાં આવે છે. આમાં ભાગ લેવા માટે ગુગલડોક પર પ્રવેશ પત્રક મૂકવામાં આવશે. રસ ધરાવતાં યુવાનો, વિદ્યાર્થીઓ કે અન્ય લાગતા વળગતા વ્યક્તિઓ માટે આ કાર્યક્રમ ગોઠવવામાં આવશે. જો આપ કોઈને આ કાર્યક્રમમાં ભાગ લેવાની ઈચ્છા હોય તો અમને ફોન કે ઈમેલ મારફતે જાણ કરવા વિનંતી. જેથી આપને લિંક મોકલી શકીએ. આ માટે આપનો વોટ્સએપ નંબર કે ઈમેઈલ આઈડી આપવા વિનંતી. આ કાર્યક્રમની વિગત દર મહિના Isce House ફેસબુક પર મૂકવામાં આવશે.

> Bleeding from war wounds and frightened by the atomic frankenstein's monsters of destruction, humanity is desperately looking for a way out of deathtrap. It craves life instead of inglorious death. It wants peace in place of war. It is hungry for love, in lieu of hate, It aspires for order to displace disorder. It dreams for a better humanity, greater wisdom, finer cultural mantle, for its body than the bloody rags of robot civilisation.
>
> - Pitirum Sorokin
> A Russian Sociologist
> and Political Analyst.



### મોહનમાંથી મહાત્મા

મોહનમાંથી મહાત્મા કે' વાયો જગનો પ્યારો થઈ,
સત્યનો સહારો લઈ

અહિંસાની તેં કેડી કંડારી પાછળ રસ્તો વિશાળ,
આભેથી ઝરમર દુઃખ વરસે સુખની બાંધી પાળ.
કાળા ગોરાનો ભેદ ભુલાવ્યો અહિંસાના પાઠ દઈ,
સત્યનો સહારો લઈ.

અંગ્રેજ કેરો કાયદો તોડ્યો ચપટી મીઠું લઈ,
અંગે એક વસ્ત્ર રાખ્યું દુઃખિયાનું સુખ થઈ.
અગિયાર વ્રતો પાળી બતાવ્યા જીવન આખું સમર્પી,
સત્યનો સહારો લઈ.

હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ બનાવ્યા તેં ભાઈ ભાઈ,
સ્વતંત્રતાના દીવડા દેખાડ્યા પુરાણી ઊંડી ખાઈ.
આઝાદીની લડત જીત્યા જેલના દરવાજા થઈ,
સત્યનો સહારો લઈ.

સારાને કોઈ જીવવા ન દે એવું થયું મહાત્માને,
ત્રણ ત્રણ ગોળીએ શરીર વિંધાણું પૂછો નહીં આત્માને.
'હે રામ' શબ્દ મુખેથી નીકળ્યો તેજ તિમિરનું થઈ,
સત્યનો સહારો લઈ.

**- વિજય ચલાદરી**

### ॥ गांधी वाणी ॥

हाथ मैं लाठी, आंख पे एनक तन पे धोती टांग कर ।
मिलो चतले हजारों पग पग अपना सीना तान कर ॥
सबसे रहे अनोखे गाँधीमातृभूमि की शान बना ॥
जिस मिट्टी मैं जनम लिय था उस मिट्टी की आन बना ॥
कद छोटा हुआ तो क्या हुआ कारनामे बडे कर गणे ॥
अहिंसा की ऐसी लो जलायी की देस को आजाद कर गए ॥

सत्याग्रह आंदोलन से ऐसी उत्साह जगाई ॥
बच्चा बूढा या नौ जवान हो सबने अपनी भूमिका निभाई ॥
सचचाई का पाठ पाढाया उन्होंने ।
अपने हक के लिए लडना सिखाया उन्होंने ॥
वो गाँधी जी थे गुजरात के हमारे ।
स्वछता का अभियान चलाया जिन्होंने ॥
लता नहीं थी जिनके तन पे । उसे सत्ता की भूख क्या होगी ॥
यू तो स्वतंत्रा की लडाई में जान बहुतों ने गवाई ।
मगर गांधी जी ऐसे व्यक्ति थे ।
जिन्होंने सबसे पहले आवाज उठाई ॥
३० जनवरी के दिन दुनिया में, जाने कैसे दुर्गति समाई ॥
नाथू राम गोडसे ने, गांधी पर बंदूक चलाई ॥
अंतिम समय जब आया उनका एक ही आवाज लगाई ।
राम नाम कहकर उन्होंने अपनी जान गंवाई ॥

**- ઝા નિશા પિતામ્બર**

શરીરબળમાં અને સાધનસામગ્રીમાં હિંદ નબળું છે, પણ નૈતિક બળમાં અને સંખ્યામાં જોરાવર છે. તેણે બુલંદ અવાજે આખી દુનિયાને ખાતરી આપી છે કે હિંદની સ્વતંત્રતામાં કોઈ વ્યક્તિ અથવા રાષ્ટ્રની સલામતી કે આઝાદીને જોખમ નથી. ઊલટું જ્યાં જ્યાં દુનિયાભરમાં આઝાદીને અર્થે કે એવા જ બીજા ઉમદા પ્રયાસો થતા હશે તેમાં અને સર્વ શોષિત પ્રજાઓને રાહત આપવામાં હિંદ સહાય કરશે.

કાશ્મીરથી કન્યાકુમારી અને કરાંચીથી આસામ એવી હિંદુસ્તાનની સીમા છે. ત્યાં હિંદુસ્તાનની ચારે દિશા પૂરી થાય છે. મથાળે હિંદુકુશ રૂપી શિખર હિંદમાતાને સુશોભિત અને સુરક્ષિત રાખે છે. નીચે અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનાં શુદ્ધ જળ હિંદમાતાનું પાદપ્રક્ષાલન કરે છે.

●

આપણે બધા મળીને એક જ પ્રકારની રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત એકરૂપ રાષ્ટ્ર હોઈએ તો લઘુમતી કોમ કે વધુમતી કોમનો સવાલ જ ઊભો થતો નથી. **- મો. ક. ગાંધી**



**(...અનુસંધાન પૃ.૨નું ચાલુ)**

આપે છે. એમાં બળજબરી ન હોય, જોર ન હોય, કોઈને કચડવાની / બદલી કાઢવાની વાત ન હોય. છેક પરશુરામથી શરૂ કરીને હિટલર સુધી અને ત્યાર પછી પણ હિંસા અને ઉન્માદમાં કોઈક ધર્મને, કોઈક ધર્મની પ્રજાને મિટાવી દેવાના પ્રયાસો થયા છે પણ એ યુદ્ધોમાંથી વેરની ભાવના સિવાય કશાનું સિંચન થયું નથી. ધર્મ એ આત્મશુદ્ધિ માટે છે, બીજાને મદદ કરવા માટે છે, ભાઈચારા માટે છે. ધર્મોમાં રહેલી વિવિધતાને કચડવામાં તમામ પ્રયાસો એ આત્મઘાત સમાન છે. એ દીવા જેવી સ્પષ્ટ વાત હોવા છતાં બધાને સમજાતી નથી.

ગાંધીજીએ ઈશ્વર અને ધર્મ બંનેને નવી વ્યાખ્યા આપી. એમણે ધર્મને સાર્વત્રિક બનાવ્યો. નૈતિકતા અને સામાજિક મૂલ્યો સાથે જોડ્યો. એમનો ધર્મ એ માનવતાનો ધર્મ છે. સત્ય વિના ધર્મ શક્ય નથી. બીજાના અધિકારોની રક્ષા કર્યા વગર ધર્માચરણ શક્ય નથી. સર્વધર્મ સમભાવ માત્ર બધા ધર્મને સરખા ગણવા પૂરતો મર્યાદિત નથી. દુનિયાના બધા ધર્મોને સ્વીકૃતિ આપવાનો એ પ્રયાસ છે. પોતાના ધર્મ કરતાં જુદા ધર્મના સત્યને સમજવાની/સ્વીકારવાની દરેક વ્યક્તિ તૈયારી રાખે તે જરૂરી છે. ગાંધીજી માનતા હતા કે ધર્મથી દૂર જવું એટલે નૈતિકતાથી દૂર જવું. નૈતિક મૂલ્યોથી નિરપેક્ષ થવું. એટલે કે આ તરફ જ ધ્યાન આપવું. એમના મતે ધર્મ વગર સાચું સ્વરાજ શક્ય નથી. તેમણે 'હિંદ સ્વરાજ'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે દેશમાં ઘટતી ધર્મ પ્રત્યેની સમજ અને આસ્થાએ જ મને સ્વરાજ વિશે વિચાર કરવા પ્રેર્યો. એમના શબ્દોમાં "Belief in one God is the corner stone of all religions. But I do not foresee a time when there would be only one religion on earth in pracrice...I believe in the fundamental truth of all great religions of the world. If we read scriptures of all religions we will find at bottom all are one' ઇતિહાસ યુદ્ધોથી ભરેલો છે પણ એનો અર્થ એ નથી કે આપણને સાથે જીવતા નથી આવડતું, કે ધર્મ નકામો છે. હકીકતે તો આપણને એકબીજાની સાથે સારી રીતે રહેતાં આવડે જ છે. ગાંધીજી આજીવન બધા ધર્મોને ખાસ કરીને ભારતના સંદર્ભમાં હિન્દુ મુસ્લિમને એક કરવા મથ્યા. દરેક વ્યક્તિ જો પોતાનાં ધર્મ બરાબર પાળે તો બીજાને પોતાના ધર્મમાં ખેંચવાનો વિચાર જ ન આવે. ધર્માંતર એ એક પ્રકારની હિંસા છે. બધા ધર્મ ગરીબની/જરૂરિયાતમંદની સેવા કરવાનું પ્રબોધે છે. માનવસેવાના રૂપે ગાંધીજીએ ધર્મને નવું રૂપ આપ્યું. બીજાના ધર્મને સમજવા સહિષ્ણુતા, સંવેદના, વિશાળતા અને

ખુલ્લાપણું જોઈએ. વાત સમજવાની છે. આપણે ત્યાં છેલ્લા કેટલાક વખતથી રાજકારણ અને અર્થકારણ બંને ધર્મને નામે કટુતા, અસત્ય, અલ્ગાવાદ, ઘમંડથી દોરાતાં રહ્યાં છે. પરિણામે ધર્મ ધર્મ વચ્ચેની ખાઈ ઊંડી થઈ છે. છેલ્લાં ૭૫ વર્ષમાં ભારતમાં નાનાં મોટાં યુદ્ધો થયાં અને એમાં પણ ધર્મે સમાજને વહેંચ્યો. ગાંધીજીનો સર્વધર્મ સમભાવ ભુલાયો. હિન્દુ અને મુસ્લિમ, હિન્દુ અને ખ્રિસ્તી લડ્યા-કાપાકાપી કરી. હિન્દુઓમાં બહુમતીને આધારે પોતાના ધર્મને શ્રેષ્ઠ માનવા લાગે છે. બ્રિટિશરાજ અને એના પહેલા મોગલરાજમાં જે ધર્મ આધારિત અત્યાચારો થયા એનો બદલો લેવા મથે છે. ઈસ્લામ ધર્મ ઘાતક છે માનવધર્મમાં માનતો નથી વગેરે માન્યતાઓ જોર શોરથી ફેલાવવામાં આવી રહી છે. ધાર્મિક સ્વતંત્રતા પર અલગ અલગ બંધનો આવતા જાય છે. સૌથી ખરાબ તો એ છે કે સમાજનો મોટો ભાગ આ બદલાવને સહજભાવે, વિજયીભાવે સ્વીકારે છે. આ દેશ માત્ર હિન્દુઓનો છે એટલે હિન્દુ રીતરિવાજ પ્રમાણે જ બધાએ ચાલવું. આ ઝેર ભાગલાં પડ્યા ત્યારે જેટલં હતું એના કરતાં અનેકગણું વધારે વિસ્તર્યું છે. ગાયની કતલથી માંડીને મસ્જિદની બાંગ અને રસ્તા પર નમાજ સુધી એ પહોંચી ગયું છે. આપણે ભૂલી ગયા છીએ કે આ અલગતાનો ભાવ આપણા વિકાસ માટે અવરોધક બનશે. ધર્મ વગર જીવવું અને ભેદભાવસભર ધર્મ બંને આપણાં માટે નુકસાનકારક પરિબળો છે.

બધા ધર્મોની સમાનતા સમજાય અને સ્વીકારાય, એકબીજાને ઊંચા-નીચા ન ગણે તો જ ભારતમાં સ્વરાજ આવશે. સ્વરાજ એ માત્ર આઝાદી નથી, પણ લોકોનું પોતાનું-જણ જણનું રાજ (શ્રી ઈલાબેન ભટ્ટના શબ્દોમાં) કોઈપણ દેશમાં સ્વરાજ ભયના પાયા પર ન આવી શકે. પરસ્પરનો અવિશ્વાસ બંનેના મનમાં ભય ઊભો કરે છે. લાંબાગાળે તો બે કોમે સહજ રીતે જ ભેગા થવું જ પડશે. હિન્દુધર્મ કે ઈસ્લામધર્મ એમને કાયમ માટે કોઈ છૂટા નહીં પાડી શકે. આપણે એકબીજાના પડછાયા છીએ. ધર્મ અંગેની કોઈ પણ સમજ, કોઈ પણ માન્યતા પડછાયાને માણસથી અલગ નહીં કરી શકે. ભારતના હિંદુ-મુસ્લિમ માટે જ આ સાચું નથી, આ દુનિયાની બધી પ્રજાઓ માટે, બધા ધર્મો માટે, બધી માન્યતાઓ માટે સાચું છે.

આમાંથી હવે જો આપણે પાછા નહીં વળીએ તો ઘણું મોડું થઈ જશે. યુદ્ધ આપણા માથા પર ઝૂમે છે. આર્થિક અસમાનતા, સામાજિક અસમાનતા, અશુદ્ધ અને નીતિ વગરનું રાજકારણ આ બધા અસંતોષ યુદ્ધને કારણ આપશે. શાંતિની પ્રસ્થાપના સર્વધર્મ સમભાવ વગર અધૂરી છે. આવનાર પરિસ્થિતિ ગંભીર છે. આ સંજોગોમાં ધર્મ પ્રત્યેની આપણી શ્રદ્ધા સાચો પ્રકાશ પામે તે જરૂરી છે.

**– મંદા પરીખ**



## વાચકોને વિનંતી

૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ. ૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.

૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર **'યાત્રાપથ'**માં આપનો પરિચય સમાવી શકાય.

૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. **'યાત્રાપથ'નું વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.

૪. **'યાત્રાપથ'** વિશે આપના **પ્રતિભાવો** પણ અમને જરૂરથી લખી મોકલશો.

-તંત્રી

યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007
Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014
Published at Ahmedabad.

Editor : Manda Parikh

वार्षिक लवाजम रू. ५०/-
प्रति नकल : रू. १५/-

Year : 15 Issue No. 1
October - December - 2021

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014